City ભાસ્કર
AHMEDABAD, SUNDAY, 21/10/2018

## IIT-Gnમાં મૂનમેન ઓફ ઈન્ડિયા ડો.ગોસ્વામીએ કહ્યું

# 'મારી ટીમ ચંદ્રયાન 2 ઓલમોસ્ટ તૈયાર કરી ચુકી છે, ટૂંક સમયમાં રવાના કરીશું'

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

'મારી ટીમ ચંદ્રયાન 2 ઓલમોસ્ટ તૈયાર કરી ચુકી છે. જે ટૂંક સમયમાં જ રવાના કરવામાં આવશે.' આ શબ્દો છે મૂનમેન ઓફ ઈન્ડિયા તરીકે જાણીતા ચંદ્રયાન-1ના ચીફ સાયન્ટિસ્ટ અને ચંદ્રયાન - 2 તેમજ મંગલયાન સાથે જોડાયેલા ડૉ.જે. એન. ગોસ્વામીના. આઈઆઈટી ગાંધીનગરની 9મી એન્યુઅલ સમિટ અમલ્થીયામાં પોતાના સંબોધનમાં તેમણે આ વાત કહી. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે, 'જો તમને સાયન્સમાં રસ હોય તો તેને એન્જોય કરો અને બીજા પાસેથી સતત શીખતા રહો.'

આઈઆઈટી ગાંધીનગર ખાતે 9મી એન્યુઅલ ટેકનિકલ સમિટનો અમલ્થીયા ખાતે પ્રારંભ થયો હતો. બે દિવસની આ સમિટીમાં સિમ્પોઝિયમ, એક્ઝિબિશન, કોન્કલેવ અને ટેકનિંકલ સહીતની અલગ અલગ ઈવેન્ટ યોજાશે. સમિટના પ્રારંભિક દિવસે ડૉ જે.એન. ગોસ્વામીનું લેક્ચર યોજાયું હતું. જેમાં તેમને ભારતમાં સ્પેસ પ્રોગ્રામના શરૂઆતના દિવસો વિશે વાત કરતા કહ્યુ કે, 'ભારતમાં થુંબા ગામથી વિક્રમ સારાભાઈએ રિસર્ચની શરુઆત કરી હતી. આટલા વર્ષોની મહેનત બાદ એ જ રિસર્ચ થકી આપણે જીએસએલવી પીએસએલવી વિકસાવી શક્યા છીએ. ઈનોવેશન ક્ષેત્રે વિચાર


ડો.જે.એન. ગોસ્વામી

ખુબ જરુરી છે. 1999ના ચંદ્રયાન મોકલવાના વિચાર થકી જ ઘણી મહેનત બાદ 2008માં આ સપનુ સાકાર થયુ હતુ.' પ્રથમ દિવસે આ કાર્યક્રમમાં ડૉ જે.એન. ગોસ્વામી સાથે માલવિયા સોલાર એનર્જીના સીઈઓ જયદિપ એન માલવિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. અમલ્થિયામાં વિદ્યાર્થીઓએ વચ્ચે ડ્રોન રેસિંગ, ઈલેક્ટ્રોનિકા, ટેકનોક્વેસ્ટ, ડી કોડ 18, રોબોવેન્ચર, આઈકોન, ઈનક્વિઝડ સહિતની એક્ટિવિટી થઈ હતી.

### 2030 સુધીમાં દેશને ઓઈલ ફ્રી કરવાનું લક્ષ્ય

માલવિયા સોલાર એનર્જીના સીઈઓ જયદિપ એન માલવિયાએ કહ્યું કે, 'સોલાર એનર્જીના સ્ટોરેજ કરતા સોલાર હિટ એનર્જીમાં કન્વર્ટ કરવી જોઈએ. આપણો ટાર્ગેટ 2030 સુધીમાં ઈન્ડસ્ટ્રીને ઓઈલ એન્ડ ફ્યુઅલ ફ્રી કરવાનો છે ત્યારે સોલાર હિટનો ઉપયોગ કરવો અનિવાર્ય છે.'




**Title:** 'My team has almost readied Chandrayaan-2, will send shortly', said Dr Goswami at IITGN
**Source:** City Bhaskar (Pg. no. 01)
**Date:** 21/10/2018